श्रीसनातनवेद-धर्मो-विजयतेतराम्.

पं. हरेराम सुज्ञराम ब्रह्मर्षिकृत ग्रंथमाला

गुजराती टीका साथे चतुर्थमणि

# रंभाशुकसंवादरूपः

# शृंगार-ज्ञाननिर्णयः ॥

प्रकाशकः

## पं. हरेराम सुज्ञराम ब्रह्मर्षि

( सनातन-धर्मोपदेशक-सद्‌गुरु )

निवास-स्तंभतीर्थ-खंभात अने अहमदाबाद-

सारंगपुर तलीआनी पोळ ऋषिआश्रम

सं. १९८६ आश्विन शुक्ल विजयादशमी

प्रथमावृत्ति | प्रत १०००
संवत १९८७ | सने १९३१

मुद्रण स्थान:—"उत्कृष्ट मुद्रणालय"

मुद्रक:—पुरुषोत्तमदास शंकरदास पटेल.

प.नडिआद रीचीरोड पूल नीचे-अमदावाद.

૧૫૧૨૯

# -: सनातनधर्मरहस्य :-

મૂળ સંસ્કૃત અને ગુજરાતી ટીકા સાથે

જેમાં માનવ જીવનનો વિકાસ કર્તા ધર્મશાસ્ત્ર, નીતિશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, વેદાન્તશાસ્ત્ર, ઉપનીષદ્, શાંકર વેદાન્ત, યોગવાસિષ્ઠ, અધ્યાત્મ રામાયણ,

એ પ્રમાણે બ્રહ્મર્ષિ ગ્રંથમાલાના સર્વ ગ્રંથો પ્રત્યેક ઘરમાં અવશ્ય સંગ્રહ કરવા યોગ્ય છે.

મૂલ્ય રા, પોષ્ટેજ વીપી. જુદું.


મળવાનું ઠેકાણું,

બ્રહ્મર્ષિ હરેરામ સુજ્ઞરામ પંડિત

તળીઆની પોળ—અમદાવાદ.

# अथ रंभाशुकसंवादरूपः
# शृंगार-ज्ञान निर्णयः ॥

## ઉત્થાનિકા.

પૂર્વે એક સમયે શ્રીશુકદેવજી ગંગાકીનારે ઉગ્ર તપ કરતા હતા. તેમનું તપ જોઇ ઇન્દ્રને ભય લાગ્યો કે કદાચ તે પોતાના તપોબલથી મ્હારૂં સ્વર્ગનું રાજ્ય લેશે, એ ભયથી મુક્ત થવા તેણે તેમના તપમાં ભંગ કરવા માટે રંભા નામની સ્વર્ગના અલંકારભૂત અપ્સરાને શ્રીશુકદેવ પાસે મોકલી. રંભા પોતાના અલૌકિક સૌન્દર્યનું શ્રીશુકદેવજીને દર્શન કરાવતી મધુરસ્મિત (મીઠું હસવું) અને કોયલ જેવા મીઠા સ્વરથી હાવભાવ સાથે તેમનું હૃદય પંચશર-કામદેવનું નિશાન કરવા યત્ન કરવા લાગી. પરંતુ દ્રઢ વિરાગવાળા શ્રીશુકદેવજીનું હૃદય તે રૂપરાશિ રંભા આકર્ષણ કરી શકી નહી, અને તે બંનેમાં જે સંવાદ શૃંગાર-જ્ઞાન વિષયમાં થયો હતો તે નીચે લખવામાં આવે છે,

रंभाः—मार्गे मार्गे नूतनं चूतखण्डं
खण्डे खण्डे कोकिलानां विरावः ॥
रावे रावे मानिनीमानभंगो
भङ्गे भङ्गे मन्मथः पंचबाणः ॥१॥

અર્થઃ—રસ્તે રસ્તે-ચારે તરફ તાજો ખીલેલો

આંબાઓનો સમુહ (નજરે પડે છે) અને દરેક આંબે કોયલોના ટહુકાઓ (સંભળાય છે.) અને દરેક કોયલના ટહુકે માનવાળી યુવતીઓના માનનો ભંગ (થાય છે) અને માનભંગ થતાં કામદેવ (રસિક જનનાં) મનને વલોવી નાખે છે. ॥૧॥

शुकः—मार्गे मार्गे जायते साधुसंगः
संगे संगे श्रूयते कृष्णकीर्तिः ।
कीर्तौ कीर्तौ नस्तदाकारवृत्ति,
वृत्तौ वृत्तौ सच्चिदानन्दभासः ॥२॥

અર્થ:—પ્રત્યેક માર્ગમાં સાધુ જનોનો સંગ થાય છે. પ્રત્યેક સાધુ જનોના સંગમાં શ્રીકૃષ્ણનું યશોગાન સંભળાય છે. પ્રત્યેક યશોગાનમાં અમારા ચિત્તની એકાગ્રતા થાય છે અને ચિત્તની પ્રત્યેક એકાગ્રતામાં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.

तीर्थे तीर्थे निर्मलं ब्रह्मवृन्दं ।
वृन्दे वृन्दे तत्त्वचिन्तानुवादः ॥
वादे वादे जायते तत्वबोधो ।
बोधे बोध भासते चन्द्रचूडः ॥३॥

અર્થ:—પ્રત્યેક પવિત્ર સ્થલમાં નિર્મલ બ્રાહ્મણોનો સમુહ જોવામાં (આવે છે) દરેક સમુહમાં વેદાન્ત ચર્ચા ચાલી રહે છે. હરેક ચર્ચામાં આત્મ

તત્વનું જ્ઞાન થાય છે અને તે જ્ઞાનમાં ચંદ્રચૂડ શંકર પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. ॥૩॥

રંભાઃ—गेहे गेहे जंगमा हेमवल्ली ।
वल्ल्यां वल्ल्यां पार्वणं चन्द्रबिंबम् ॥
बिम्बे बिम्बे दृश्यते मीनयुग्म ।
युग्मे युग्मे पंचबाणप्रसारः ॥४॥

અર્થઃ—ઘેર ઘેર (યુવાન સ્ત્રીઓ રૂપી જ્યાં ત્યાં) ચાલતી સુવર્ણ વેલડીઓ (નજરે પડે છે) હરેક તે સુવર્ણ વેલીઓ ઉપર (યુવાન સ્ત્રીઓના મુખ રૂપ) પૂર્ણિમાનું ચન્દ્રબિંબ (નજરે પડે છે.) દરેક ચંદ્ર બિંબ ઉપર (યુવતીના નેત્રરૂપ માછલાનું જોડું (દેખાય છે) અને પ્રત્યેક તે માછલાનાં જોડાં ઉપર કામદેવની પ્રવૃત્તિ (દૃષ્ટિએ પડે છે.) ॥૪॥

શુકઃ—स्थाने स्थाने दृश्यते रत्नवेदी ।
वेद्यां वेद्यां सिद्धगन्धर्वगोष्ठी ॥
गोष्ठ्यां गोष्ठ्यां किन्नरद्वन्द्वगीतं ।
गीते गीते गीयते रामचन्द्रः ॥५॥

અર્થઃ—દરેક સ્થાનમાં રત્નમય વેદી નજરે પડે છે, પ્રત્યેક વેદી ઉપર સિદ્ધ અને ગંધર્વોની સભા નજરે પડે છે, દરેક સભામાં કિન્નર અને કિન્નરીઓનાં ગાયનો સંભળાય છે, અને પ્રત્યેક ગીતોમાં શ્રીરામચંદ્ર પરમાત્માના ગુણાનુવાદ ગવાય છે. ॥૫॥

रंभाः–पीनस्तनी चन्दनचर्चिताङ्गी ।

विलोलनेत्रा तरुणी सुशीला ॥

नालिङ्गिता प्रेमभरेण येन ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥६॥

અર્થ:—જે પુરૂષે મોટા સ્તનોવાળી ચન્દન રસથી લેપાયેલા અંગોવાળી અને સુંદર સ્વભાવવાળી તરૂણીને અત્યન્ત પ્રેમથી આલિંગન આપ્યું નથી તે પુરુષનું જીવન વૃથા-ફોગટ ગયેલું (સમજવું)॥૬॥

शुकः–अचिन्त्यरूपो भगवान्निरंजनो

विश्वंभरो ज्ञानमयश्चिदात्मा ॥

विशोधितो येन हृदि क्षणं नो

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥७॥

અર્થ:—ચિન્તવન ન કરી શકાય તેવા સ્વરૂપ-વાળા, ઘણાં પરાક્રમવાળા, નિર્લેપ, જગતનું ભરણ પોષણ કરનાર, જ્ઞાન સ્વરૂપ, ચૈતન્ય સ્વરૂપ પરમાત્માનો જેણે ક્ષણવાર પણ હૃદયમાં ધ્યાન ધરી સાક્ષાત્કાર કર્યો નથી તે પુરુષનું જીવન વૃથા ગયેલું સમજવું. ॥૭॥

रंभाः–कामातुरा पूर्णशशाङ्कवक्त्रा ।

बिम्बाधरा कोमलनालगौरा ॥

नान्दोलिता स्वे हृदये भुजाभ्यां ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥८॥

અથ:—જે પુરુષે વિષયના ઉપભોગ માટે આતુર,

પૂર્ણ ખીલેલા ચંદ્ર સમાન મુખવાલી, બિંબ સમાન રાતા ઓષ્ટવાળી, કોમલ કમલ દંડ સમાન ગૌર વર્ણવાળી યુવતિને બે હાથથી વારંવાર આલિંગન આપ્યું નથી તે પુરુષનું જીવન વૃથા ગયેલું સમજવું.

शुकः—चतुर्भुजश्चक्रधरो गदायुधः ।
पीतांबरः कौस्तुभमालया लसन् ॥
ध्याने धृतो येन न बोधकाले ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥९॥

અર્થ:—ચતુર્ભુજ, ચક્ર ધારણ કરનાર, ગદાયુધ, પીળાં વસ્ત્રથી સુશોભિત, કૌસ્તુભમણિવાળી માળાથી શોભતા પરમાત્માનું જે પુરુષે જાગ્રદવસ્થામાં ધ્યાન કર્યું નથી તેનું જીવન વૃથા ગયેલું સમજવું. ॥૯॥

रंभाः—विचित्रवेषा नवयौवनाढ्या ।
लवंगकर्पूरसुवासिदेहा ॥
नालिङ्गिता येन दृढं भुजाभ्यां ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१०॥

અર્થ:—વિચિત્ર વસ્ત્રાલંકારથી તૈયાર થયેલી, નવાં મદઝરતા યૌવનવાળી, લવંગ અને કર્પુરથી સુગંધી શરીરવાળી એવી સ્ત્રીને જેણે બે હાથથી દ્રઢ આલિંગન આપ્યું નથી તે પુરુષનું જીવન વૃથા ગયેલુ સમજવું. ॥૧૦॥

शुकः—नारायणः पंकजलोचनः प्रभुः ।
केयूरवान् कुण्डलमण्डिताननः ॥
भक्त्या स्तुतो येन समाधिना नो ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥११॥

અર્થ:—કમલ સમાન નેત્રવાળા, સર્વ શક્તિમાન્ બાજુબંધવાળા, કુંડલથી શોભાયમાન મુખવાળા, નારાયણની જેણે ભક્તિપૂર્વક એકાગ્રચિત્તથી સ્તુતિ કરી નથી તે પુરુષનું આયુષ્ય વૃથા ગયેલું સમજવું.

रंभाः—प्रियंवदा चम्पकहेमवर्णा ।
हारावलीमण्डितनाभिदेशा ॥
संभोगशीला रमिता न येन ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१२॥

અર્થ:—પ્રિય મધુર બોલવાળી, ચંપા અને સોના જેવા વર્ણવાળી, હારપંક્તિથી સુશોભિત નાભિ પ્રદેશવાળી.........સ્ત્રીની સાથે જેણે રમણ ક્રીડા કરી નથી તેનું જીવન વૃથા ગયેલું જાણવું.

शुकः—श्रीवत्सलक्ष्म्याङ्कितहृत्प्रदेश—
स्ताक्ष्यर्ध्वजः शार्ङ्गधरः परात्मा ।
न सेवितो येन नृजन्मनापि ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१३॥

અર્થ:—શ્રીવત્સ (મહત્વ સૂચક છાતીમાં વાળનું ગુંચળું) ની શોભાથી ચિન્હિત હૃદયપ્રદેશવાળા, ગરુડની ધ્વજાવાળા, શાર્ઙ્ગ ધનુષ્ય ધારણ

કરનારા પરમાત્માનું મનુષ્ય દેહ પ્રાપ્ત કરીને પણ જેણે સેવન કર્યું નહી તે પુરુષનું જીવન વૃથા ગયેલું સમજવું. ॥૧૩॥

रंभाः-चलत्कटी नूपुरमञ्जुघोषा ।
नासाग्रमुक्ता नयनाभिरामा ॥
न सेविता येन भुजङ्गवेणी ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१४॥

અર્થ:—ચાલતી કમરવાળી, ઝાંઝરના મનોહર શબ્દવાળી, નાકના અગ્ર ભાગમાં મોતી ધારણ કરનારી, નેત્રને આનંદ આપનારી, સર્પ જેવા કાળા લીસા ચળકતા ચોટલાવાળી યુવતિનું જેણે સેવન કર્યું નથી તે પુરુષનું જીવન વૃથા ગયેલું જાણવું.

शुकः-विश्वंभरो ज्ञानमयः परेशो ।
जगन्मयोऽनन्तगुणप्रकाशः ॥
नाराधितो नापि धृतश्च योगे ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१५॥

અર્થ:—જગતનું ભરણ પોષણ કરનાર, જ્ઞાન સ્વરૂપ, જગદ્રૂપ, અને અનંતગુણોને પ્રકાશિત કરવાવાળા પરમાત્માનું જેણે પૂજન કર્યું નથી અને ધ્યાન પણ ધર્યું નથી તે પુરુષનું જીવન વૃથા ગયું સમજવું. ॥૧૫॥

रंभाः-तांबूलरागैः कुसुमप्रकर्षैः ।
सुगन्धितैलेन च वासितायाः ॥

नो मर्दितौ येन कुचौ निशायां ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१६॥

અર્થ:—તાંબૂલ રાગથી, ઉત્તમ સુગંધી પુષ્પોથી અને સુગંધવાળા તેલથી ખુશબોદાર થયેલી યુવતીના સ્તનોનું જેણે રાત્રિમાં મર્દન કર્યું નથી તે પુરુષનું જીવન ફોગટમાં ગયું જાણવું. ॥૧૬॥

शुकः—ब्रह्मादिदेवोऽखिलविश्वदेवो

मोक्षप्रदोऽतीतगुणः प्रशान्तः ।

धृतो न योगेन हृदि स्वकीये ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१७॥

અર્થ:—બ્રહ્મા આદિ દેવોના દેવ, સમગ્ર વિશ્વના પ્રકાશક, મોક્ષને દેનારા, ત્રિગુણાતીત, અત્યન્ત શાન્ત એવા પરમાત્માને જેણે એકાગ્રચિતથી પોતાના હૃદયમાં ધારણ કર્યા નથી તે પુરૂષનું જીવન વૃથા ગયેલું જાણવું. ॥૧૭॥

रंभाः—कस्तूरिकाकुङ्कुमचन्दनैश्च ।

सुचर्चिता याऽगरुधूपिताम्बरा ॥

उरःस्थले नो लुठिता निशायां ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१८॥

અર્થ:—કસ્તુરી કુંકુમ અને ચન્દનથી સારી પેઠે શરીરે લેપાયેલી, અગર ચન્દનથી સુવાસિત વસ્ત્રોવાળી યુવતિ સ્ત્રીને જેણે રાત્રિએ છાતિ ઉપર રમાડી નથી તેનું જીવતર નકામું વીતેલું જાણવું.

शुकः—आनन्दरूपो निजबोधरूपा

दिव्यस्वरूपो बहुनामरूपः ॥

तपःसमाधौ कलितो न येन ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥१९॥

અર્થ:—આનન્દ સ્વરૂપ, સ્વયંપ્રકાશ, અલૌકિકરૂપવાળા, ઘણાં નામ અને રૂપવાળા પરમાત્માનો જેણે તપની સમાધિમાં અનુભવ કર્યો નથી તે પુરૂષનું જીવવું વૃથા ગયેલું સમજવું ॥૧૯॥

रंभाः—कठोरपीनस्तनभारनम्रा ।

सुमध्यमा चञ्चलखञ्जनाक्षी ॥

हेमन्तकाले रमिता न येन ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२०॥

અર્થ:—કઠણ અને મોટા સ્તનોના ભારથી નમી ગયેલી, સુશોભિત પાતળી કમરવાળી, ચપલ ખંજન પક્ષી જેવાં નેત્રોવાળી યુવતિને જેણે હેમન્ત (ઠંડીની) ઋતુમાં રમાડી નથી અર્થાત્ એવી સ્ત્રી જોડે શીયાળામાં જેણે રતિક્રીડા કરી નથી તે પુરૂષનું જીવન વૃથા ગયેલું જાણવું. ॥૨૦॥

शुकः—तपोमयो ज्ञानमयो विजन्मा ।

विद्यामयो योगमयः परात्मा ॥

चित्ते धृतो नो तपसि स्थितेन ।

वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२१॥

અર્થ:—તપમાં બેઠેલા જે પુરૂષે તપોમય,

જ્ઞાનમય, જન્મરહિત, વિદ્યામય અને યોગમય, પરમાત્માને હૃદયમાં જેણે ધારણ કર્યા નથી તેનું જીવન વૃથા ગયું સમજવું. ॥૨૧॥

रम्भाः–सुलक्षणा मानवती गुणाढ्या ।
प्रसन्नवक्त्री मृदुभाषिणी या ॥
नो चुम्बिता येन सुनाभिदेशो ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२२॥

અર્થઃ—જે પુરૂષે સારાં લક્ષણોવાળી માનવતી સર્વ-ગુણ-સંપન્ન, પ્રસન્ન મુખવાળી, કોમળ વાણીવાળી અને સુન્દર નાભિદેશવાળી યુવતિને ચુંબન આપ્યું નથી તેનું જીવન વ્યર્થ (ફોગટ) ગયું સમજવું.

शुकः–पत्न्यार्जितं सर्वसुखं विनश्वरं ।
दुःखप्रदं कामिनिभोगसेवितम् ॥
एवं विदित्वा न धृतो हि योगो ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२३॥

અર્થઃ—સ્ત્રીથી પ્રાપ્ત કરેલું, વિષય ભોગ માટે સેવેલું જે સર્વ સુખ છે તે દુઃખ આપવાવાળું અને નાશવન્ત છે એમ જાણીને જે પુરૂષ યોગાભ્યાસ કરતો નથી તેનું જીવતર વ્યર્થ ગયેલું જાણવું.

रम्भाः–विशालवेणी नयनाभिरामा ।
कन्दर्पसंपूर्णनिधानरूपा ॥
भुक्ता न येनैव वसन्तकाले ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२४॥

અર્થઃ—મોટા ચોટલાવાળી, નેત્રને આનંદ

આપનારી, કામદેવના સંપૂર્ણ સ્થાનવાળી જુવાન સ્ત્રીને જેણે વસંત કાળમાં ભોગવી નથી તેનું જીવન વ્યર્થ ગયું જાણવું. ॥૨૪॥

शुकः–मायाकरण्डी नरकस्य हण्डी ।
तपोविखण्डी सुकृतस्य भण्डी ॥
नृणां विखण्डी चिरसेविता चेद् ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२५॥

અર્થ:—માયા-કપટની છાબડી રૂપ, નરકની હાંડી, તપનો નાશ કરવા વાળી, સારાં કામોનો નાશ કરવાવાળી, પુરૂષોનાં પુરૂષાર્થોનો નાશ કરવાવાળી એવી સ્ત્રીનું જો લાંબા કાળ સુધી સેવન-ઉપભોગ કરવામાં આવે તો તે પુરૂષનું જીવવું વ્યર્થ ગયું સમજવું. ॥૨૫॥

रंभाः–समस्तशृङ्गारविनोदशीला ।
लीलावती कोकिलकण्ठनाला ॥
विलासिता नो नवयौवनाढ्या ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥२६॥

અર્થ:—સમગ્ર શૃંગારથી ખેદ દૂર કરવામાં કુશલ, હસવા હસાવવા વિગેરેની ક્રીડામાં ચતુર, કોયલના સમાન મધુર કંઠવાળી યુવતિ સ્ત્રીને જેણે ભોગવી નથી તે પુરૂષનું જીવન વ્યર્થ વીતેલું જાણવું. ॥૨૬॥

शुकः–समाधिहन्त्री जनमोहयित्री ।
धर्मे कुमन्त्री कपटस्य तन्त्री ॥
सत्कर्महन्त्री कलिता च येन ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥૨૭॥

અર્થ:—ધ્યાનનો નાશ કરવાવાળી, પુરૂષને મુગ્ધ મોહ પમાડનારી, ધર્મ કૃત્યમાં ખરાબ સલાહ દેનારી, કપટ-માયાનો વિસ્તાર કરનારી, સુકૃત્યોનો નાશ કરનારી સ્ત્રીને જેણે ભોગવી છે તે પુરૂષનું આયુષ્ય ફોગટ ગયું જાણવું. ॥૨૭॥

रम्भाः–बिल्वस्तनी कोमलिता सुशीला ।
सुगन्धकुन्ता ललिता च गौरा ॥
नाश्लेषिता येन च कण्ठदेशे
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥૨૮॥

અર્થ:—બિલી ફલ જેવાં ગોળ અને કઠિન સ્તનવાળી, કોમલાંગી, સારા સ્વભાવવાળી, ગૌર વર્ણવાળી-રૂપાળી સ્ત્રીને જેણે ગળામાં આલિંગન આપ્યું નથી તે પુરૂષનું જીવન વૃથા ગયું જાણવું

शुकः–चिन्ताव्यथादुःखमयी सदोषा ।
संसारपाशा जनमोहकर्त्री ॥
सन्तापकोशा भजिता च येन ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥૨૯॥

અર્થ:—ચિન્તા પીડા અને દુઃખને આપનારી, દોષોથી ભરેલી, સંસારમાં પકડી રાખનારી, પુરૂષને

મોહ પમાડનારી, સંતાપના ભંડારરૂપ યુવતિને જેણે ભોગવી છે તેનું જીવન વૃથા ગયું સમજવું.

रंभाः—आनन्दकन्दर्पनिधानरूपा ।
झणत्क्वणत्कङ्कणनूपुराढ्या ॥
नास्वादिता येन सुधाऽधरस्था ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३०॥

અર્થઃ—આનંદ અને કંદર્પ-કામદેવના ઘર રૂપ, ઝણકાર કરતાં કંકણ અને ઝાંઝરવાળી, અમૃત પૂર્ણ ઓષ્ઠવાળી યુવતિ સ્ત્રીને જેણે ભોગવી નથી તેનું જીવન વૃથા ગયું જાણવું. ॥૩૦॥

शुकः—कापट्यवेशा जनवञ्चिका या ।
विण्मुत्रदुर्गन्धदरी दुराशा ।
संसेविता येन सदा मलाढ्या ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३१॥

અર્થઃ—કપટ વેષ ધારણ કરનારી, પુરૂષને છેતરનારી, વિષ્ઠા અને મૂત્રના દુર્ગન્ધની ગુફા રૂપ, દુષ્ટ મનોરથવાળી, અત્યન્ત મેલી સ્ત્રીનું હમેશાં સેવન કર્યું છે તે પુરૂષનું જીવન વ્યર્થ ગયું જાણવું. ॥૩૧॥

रंभाः—चन्द्रानना सुन्दरगौरवर्णा ।
व्यक्तस्तनी भोगविलासदक्षा ॥
नान्दोलिता वै शयनेषु येन ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३२॥

અર્થઃ—ચન્દ્ર સમાન મુખવાળી, સુંદર ગૌર-

વર્ણ-રંગવાળી સ્પષ્ટ ઉંચા દેખાતાં સ્તનોવાળી, ભોગ વિલાસમાં કુશલ એવી સ્ત્રીને જેણે શયનમાં રમાડી નથી તે પુરૂષનું જીવન વૃથા ગયું સમજવું.

शुकः–उन्मत्तवेषा मदिरा–सुमत्ता ।
पापप्रदा लोकबिडम्बिनी या ॥
योगंच्छला येन विभाजिता च ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३३॥

અર્થઃ—ઉન્મત્ત વેષવાળી, મદિરા પાનથી ખુબ મદમાતી થયેલી, પાપને આપનારી, લોકોની મશ્કરી કરનારી, સંયોગ થતાં છળ કરનારી એવી યુવતિ સ્ત્રી સાથે જેણે ક્રીડા કરી છે તેનું જીવન વ્યર્થ ગયું સમજવું. ॥૩૩॥

रंभाः–आनन्दरूपा तरुणी नताङ्गी ।
सद्धर्मसंसाधनसृष्टिरूपा ॥
कामार्थदा यस्य गृहे न नारी ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३४॥

અર્થઃ—આનંદરૂપ, યુવાવસ્થામાં રહેલી, નમણાં અંગવાળી, યજ્ઞ યાગાદિક સદ્ધર્મ કર્મોમાં અને સંતાન પેદા કરવામાં સાધન સહાયરૂપ, કામ અને અર્થ (પુરૂષાર્થ)ને દેનારી સ્ત્રી જેના ઘરમાં નથી તેનું જીવન વૃથા ગયું જાણવું.

शुकः–अशौचदेहा पतितस्वभावा ।
वपुःप्रगल्भा बललोभशीला ।

मृषा वदन्ती कलिता च येन ॥
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३५॥

અર્થ:—અપવિત્ર દેહવાળી, પતિત સ્વભાવ-વાળી, શરીરથી પ્રૌઢતા, ધૃષ્ટતા, વિગેરે ગુણોવાળી, અત્યન્ત લોભી સ્વભાવવાળી અને ખોટું બોલનારી એવી સ્ત્રીને જેણે ગ્રહણ કરી છે તે પુરૂષનું જીવન વૃથા ગયું સમજવું. ॥૩૫॥

रंभाः-क्षामोदरी हंसगतिः प्रमत्ता ।
सौन्दर्यसौभाग्यवती प्रलोला ।
निष्पीडिता चेन्न रतौ यथेच्छं ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३६॥

અર્થ:—પાતળા પેટવાળી, હંસના જેવી ચાલ-નારી, અત્યન્ત મદમાતી, સૌન્દર્ય અને સૌભાગ્યવાળી, અત્યન્ત ચપલ યુવતિ સ્ત્રીને ઈચ્છા પ્રમાણે રતિ ક્રીડામાં ચોળી નથી તે પુરૂષનું જીવન વૃથા ગયું જાણવું. ॥૩૬॥

शुकः-संसारसद्भावनभक्तिहीना ।
श्चित्तस्य चोरा हृदि निर्दया च ॥
विहाय योगं कलिता नरेण ।
वृथा गतं तस्य नरस्य जीवितम् ॥३७॥

અર્થ:—સંસારમાં સદ્ભાવ અને ભકિતવગરની, ચિત્તને ચોરવાવાળી, હૃદયમાં નિર્દય એવી સ્ત્રીને જે પુરૂષે સમાધિ ત્યાગીને સ્વીકારી છે તે પુરૂષનું જીવન વૃથા ગયું સમજવું. ॥૩૭॥

रंभाः–सुगन्धैः सुपुष्पैः सुशय्या सुकान्ता ।
वसन्तो ऋतुः पूर्णिमा पूर्णचन्द्रः ॥
यदा नाऽस्ति पुंस्त्वं नरस्य प्रभूतं ।
ततः किं ततः किं ततः किम् ततः किम् ॥३८॥

અર્થ:—પુરૂષમાં ઘણું પુરૂષાતન ન હોય અને સુગંધી સરસ પુષ્પોથી રચેલી શય્યા હોય તોયે શું? સુંદર સ્ત્રી હોય તોયે શું? વસન્ત ઋતુ હોય તોયે શું? અને પુનમનો પૂર્ણચન્દ્ર ખીલ્યો હોય તોયે શું? અર્થાત્ પુરૂષમાં પુરૂષત્વ ન હોય તો તેને તો સર્વ સુંદર વસ્તુઓ વ્યર્થજ છે. ॥૩૮॥

शुकः–सुरूपं शरीरं नवीनं कलत्रं ।
धनं मेरुतुल्यं वयश्चारुचित्रम् ॥
हरेरंघ्रिपद्मे मनश्चेदलग्नं ।
ततः किं ततः किं ततः किं ततः किम् ॥३९॥

અર્થ:—પરમાત્માના ચરણ યુગલમાં મન જો ન ચોટયું તો મનોહર રૂપવાળું શરીર હોય, યૌવનવતી સ્ત્રી હોય; મેરૂ પર્વત જેટલું ધન હોય, સુંદર અને વિચિત્ર વાણી હોય તોય શું થયું; અર્થાત્ પરમાત્માના ચરણ યુગલમાં મન ન લાગ્યું હોય તો આ સઘળું છતાં જીવન વ્યર્થ ગયું સમજવું.

॥ इति रंभाशुकसंवादरूपः शृङ्गारज्ञानविनिर्णयः ॥

---

મુદ્રક: પુરુષોત્તમદાસ શંકરદાસ પટેલ
'ઉત્કૃષ્ટ મુદ્રણાલય' ગાંધીરોડ, અમદાવાદ.

ફક્ત થોડીજ નકલો સિલકમાં રહી છે, ફરીથી હાલમાં
છપાવવા સંભવ નથી "ઘણા વખતની માગણીનું
વૈષ્ણવોનું અમુલ્ય પુસ્તક ધન"
હંમેશાં પૂજા વખતે પાઠ કરવા યોગ્ય, ભક્તિ, જ્ઞાન
વૈરાગ્યનો બોધ કરનાર શ્રીમદ્ ભાગવતમાંનું
અમુલ્ય અમૃત રંગીન ૧૨ ચિત્ર સાથે આશરે
૨૪૦ પાનાનું દળદાર, શ્રીમદ્ ભાગવતના
"સ્તુતિ સંગ્રહ" સાથે

# "એકાદશ-ગીત."

નામનું, મૂળ શ્લોક સાથે-ગુજરાતી શુદ્ધ ભાષાન્તરવાળું પુસ્તક બહાર પડી ચુકયું છે. તે સાથે ભક્ત હરિદાસકૃત શ્રીમદ્ ભાગવતના સ્કંધ તથા અધ્યાય વાર સારાંશ સુચક ગુજરાતી ભાષામાં "ધોળો" બ્હેનોને મોઢે કરવા લાયક અંદર ઉમેર્યા છે. શ્રીભગવાનના જુદા જુદા સ્વરૂપના ત્રિરંગી ૧૨ ચિત્રો પણ મૂકયાં છે.

હજુ સુધી આવું એક પણ પુસ્તક બહાર પડયું નથી. ૧૧ ગીતો અને સ્તુતિ વિગેરેના નામો:—

| | |
|---|---|
| ૧. "વેણુગીત" | ૧. "શ્રીનારાયણકવચ" |
| ૨. "ગોપીગીત" | ૨. "ભીષ્મ સ્તુતિ." |
| ૩. "યુગલગીત" | ૩. "વૃત્રાસુર સ્તુતિ" |
| ૪. "ભ્રમરગીત" | ૪. "રૂક્મિણીનો પત્ર" |
| ૫. "શ્રુતિગીત" | ૫ "શ્રીમદ્ ભાગવતના ધોળો" |
| ૬. "મહિષીગીત" | ૬. "આચાર્યકૃત ષટપદી." |
| ૭. "અવધૂતગીત" | ૭. "શ્રીભગવાનની સ્તુતિના મોઢે કરવાલાયક શ્લોકો" |
| ૮. "પિંગલાગીત" | ૮. "આખા પુસ્તકના સારાંશની ટુંકમાં સમજણ આપનાર વિસ્તૃત પ્રસ્તાવના". |
| ૯. "કદર્યગીત" | |
| ૧૦. "ઐલગીત" | |
| ૧૧ "રુદ્રગીત" | |

આ પુસ્તકમાં વિશેષતા એ છે કે-દરેક શ્લોકો ગુજરાતી લિપિ

(અક્ષરો) માં રાખ્યા છે. જેથી બાળબોધ અક્ષરો નહિ વાંચી શકત સ્ત્રી–પુરૂષો પણ સહેલાઈથી સંસ્કૃત શ્લોકો વાંચી શકશે. ચાતુર્માસમ ધર્માર્થે આપવા અને જ્ઞાતિમાં લ્હાણી કરવા સામટી નકલો લેનારને ૨૫ ટકા કમિશન આપવામાં આવશે

કપડાનાં મજબુત જાડાં પુઠાં સાથે કિંમત માત્ર રૂા. ૧–૪–૦

મળવાનું ઠેકાણું—જાણીતા મુંબઇના તથા અમદાવાદના બુકસેલરો તથ

ભાષાન્તર કર્તાઃ–શાસ્ત્રી રેવાશંકરજી મેઘજી પુરોહિત દેલવાડાક

ઠે. ગુલાલવાડી, દેવીદાસ લલ્લુભાઈ સંસ્કૃત પાઠશાળા, મુંબઈ નં. ૪

આ પુસ્તક દરેક વૈષ્ણવના ઘરમાં અવસ્ય સંગ્રહ કરવા યોગ્ય છે